ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૩ ટકા

# ખોરજ પાસેથી રૂ. ૨.૧૬ કરોડનો દારૂ પકડાયો

**અડાલજ પોલિસને મળી મોટી સફળતા : ભંગારના ગોડાઉનમાં મસમોટા દારૂ-બિયરનો જથ્થો સંતાડેલો હતો : દારૂ-બિયરની ૫૪૬૦ પેટીઓ અને છ ગાડીઓ, એક ટ્રક અને એકસેસ મળી રૂ.૨.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત : બુટલેગરો સુધી પહોંચવા તપાસ તેજ બનાવી**





ગાંધીનગર, તા.૨૫

ચુંટણીમાં દારૂની રેલમછેલ થાય તે પહેલા જ ગાંધીનગર જિલ્લાની અડાલજ પોલિસે એસ.જી. હાઈવે પર ખોરજ કન્ટેનર ડેપો પાસેના એક ભંગારના ગોડાઉનમાં દરોડો પાડી દારૂ-બિયરનો મસમોટો જથ્થો પકડી પાડયો છે. વિદેશી દારૂ અને બિયરની ૫૪૬૦ પેટીઓ તથા છ ગાડીઓ અને એક ટ્રક તથા એકસેસ મળી કુલ રૂ. ૨.૪૦ કરોડનો મુદ્દામાલ અડાલજ પોલિસે જપ્ત કરીને દારૂનો જથ્થો કયાંથી લવાયો હતો કયાં લઈ જવાનો હતો? બુટલેગરો અને કયા કયા માથાઓ આ ગુનામાં સંડોવાયેલા છે અને કયારથી આ ભંગારના ગોડાઉનનો દારૂના ગોડાઉન તરીકે ઉપયોગ કરાતો હતો તે સહિતની ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે.

અડાલજ પોલિસ મથકના પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમને ગઈ મોડી સાંજે મોટી સફળતા મળી છે. જમાદાર મહેન્દ્રસિંહની બાતમીનો આધારે અડાલજ પી.આઈ. તેમની ટીમ સાથે એસ.જી. હાઈવે પર આવેલા ખોરજ કન્ટેનર ડેપો પાસે એક ગોડાઉનમાં પહોંચી ગયા હતા. ભંગારના નામે લેવાયેલા આ ગોડાઉનમાં વિદેશી દારૂ અને બિયરનો મસ મોટો જથ્થો સંતાડવામાં આવેલો હોવાની બાતમી આધારે અડાલજ પોલિસે દરોડો પાડી ચેક કરતા પોલિસ પણ જથ્થો જોઈને ચોંકી ગઈ હતી. આખુ ગોડાઉન દારૂ-બિયરની પેટીઓથી ભરેલું હતું. સવાર સુધી દારૂ-બિયરના જથ્થાની ગણતરી ચાલી હતી. ગોડાઉનમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ અને બિયરની ૫૪૬૦ પેટીઓ મળી આવી હતી. અધધધ... રૂ. ૨,૧૫,૯૫,૦૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો ગોડાઉનમાંથી પકડાયો હતો તે ઉપરાંત ગોડાઉન પાસેથી છ ગાડીઓ, એક ટ્રક અને એક એકસેસ મળી રૂ. ૨૪,૧૫,૦૦૦નો કિંમતના વાહનો મળી આવ્યા હતા. અડાલજ પોલીસે દારૂ બિયર અને વાહનો મળી કુલ રૂ. ૨,૪૦,૧૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લઈ મુખ્ય સુત્રધારો સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે. દારૂ ચુંટણીમાં વહેંચવા લવાયો હતો કે કેમ? તે અંગે પણ તપાસ કરાશે. સવા બે કરોડના દારૂ-બિયર પાછળ કોઈ નાના-મોટા બુટલેગરો હોય તે શકય નથી આ જથ્થો સંતાડવા પાછળ મોટા માથાઓના નામ ખુલે તો નવાઈ નહીં...! અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાએ ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી જયોતિ મહિલા મંડળ આયોજીત સપ્તપદીના સાત ફેરા નાટક બપોરે ૩ કલાકે ખીમજી વિસરામ હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે.

● સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરની સામાન્ય સભા બપોરે ૧ કલાકે સંસ્થા પરિસર ખાતે મળશે.

● ગાંધી મિત્ર વર્તુળ અને ત્રિદલ સંસ્થા દ્વારા ઈનામ વિતરણ અને અભિવાદન કાર્યક્રમ સાંજે ૪ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા આનંદનો ગરબો શોભનાબેન ગોસ્વામી પ્લોટ નં. ૧૩૫૪/૮, સે-૪-સી ખાતે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન યોજાશે.

## એનએસયુઆઈ દ્વારા વિધાનસભા પ્રમુખોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫

એનએસયુઆઈ રાષ્ટ્રીય અધ્યક્ષ ફિરોઝ ખાનના આદેશથી અને ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ મહિપાલસિંહ ગઢવીની સુચનાથી ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ સંગઠનને વધુ મજબુત બનાવવા સક્રીય, કર્મઠ અને નિષ્ઠાવાન વિદ્યાર્થી આગેવાનોની વિધાનસભાના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. જેમાં ૩૪-દહેગામ વિધાનસભાના પ્રમુખ તરીકે લવાડ ગામના ચૌહાણ અમિતસિંહ પરેશસિંહ, ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના પ્રમુખ તરીકે મગોડી ગામના બિહોલા સિદ્ધરાજસિંહ અજીતસિંહ, ૩૬-ગાંધીનગર વિધાનસભાના પ્રમુખ તરીકે પેથાપુર ગામના વાઘેલા અજયસિંહ અજીતસિંહ તેમજ ૩૮-કલોલ વિધાનસભાના પ્રમુખ તરીકે કલોલ શુભલક્ષ્મી સોસાયટી ખાતે રહેતા વરતિયા જીગર નરેશભાઈની વરણી કરવામાં આવી છે. આ વિધાનસભાના પ્રમુખોની વરણી થતા એનએસયુઆઈ કાર્યકરોમાં આનંદની લ્હેર પ્રસરી જવા પામી છે.

## સે-૨૮ બ્રહ્માકુમારી સેન્ટર ખાતે ફ્રી નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત બ્રહ્માકુમારી સેન્ટર ખાતે અગામી તા. ૩ ડિસેમ્બરના રોજ સવારે ૯ થી ૧૨.૩૦ કલાક દરમિયાન ફ્રી નિદાન કેમ્પ યોજાશે. જેમાં ફિઝીયોથેરાપી, આંખ, દાંત, હાંડકાની બિમારી, બીપી, જેવી વિવિધ બિમારીઓના નિદાન માટે આર્યુવેદિક પધ્ધિત દ્વારા મુકિત મેળવી શકાય તે માટે તજજ્ઞ ડોક્ટર્સની ટીમ દ્વારા નિદાન કરવામાં આવશે.

## અંતિમયાત્રામાં આવેલા વકીલ બાબુભાઈ માંગુકીયાનું પાકીટ ચોરાયું...!

**સે-૮માં મધુસુદન મિસ્ત્રીના પુત્રની અંતિમયાત્રામાં કોઈએ વકીલ માંગુકીયાનું રૂ. ૨૭,૭૦૦ ભરેલું પાકીટ સેરવી લેતા પોલિસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૮ ખાતે રહેતા જાણીતા નેતા કોંગ્રેસના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીના પુત્રના અવસાન બાદ ગઈ કાલે અંતિમયાત્રામાં મોટા મોટા નેતાઓ જોડાયા હતા. કોંગ્રેસના વકીલ બાબુભાઈ મંગુકીયા પણ અંતિમયાત્રામાં આવ્યા હતા. અંતિમયાત્રામાં આવેલા વકીલ માંગુકીયાનું રૂ. ૨૭,૭૦૦ રોકડ અને અગત્યના કાર્ડસ સાથેનું પાકીટ કોઈ ગઠીયો સેરવી જતા ચકચાર મચી જવા પામી છે. વકીલે આ મામલે સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ આપતા પીએસઆઈ એસ.ડી. કાળાતે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ મધુસુદન મિસ્ત્રીના પુત્રની અંતિમ યાત્રામાંઆવેલા જાણીતા વકીલ બાબુભાઈ માવજીભાઈ માંગુકીયા (રહે.અગ્રવાલ ટાવર, સોલા રોડ, અમદાવાદ)નું પાકીટ ચોરી થઈ જવા પામ્યું હતું. બાબુભાઈ માંગુકીયાએ કાંધ આપી હતી અને અંતિમ વાહિનીમાં બેઠા હતા. આ સમયગાળા દરમિયાન કોઈ શખ્સે ખિસ્સામાં પાકીટ સેરવી લીધું હતું. પાકીટમાં રૂ. ૨૭,૭૦૦ રોકડા તથા ડેબીટ-ક્રેડીટ કાર્ડ, સુપ્રિમ કોર્ટનું કાર્ડ, બાર કાઉન્સીલનું મેમ્બર કાર્ડ, આધારકાર્ડ, પાન કાર્ડ અને ચુંટણી કાર્ડ સહિતના આધાર પુરાવાઓ પણ હતા. પાકીટની ચોરી મામલે વકીલ બાબુભાઈ માંગુકીયાએ સે-૭ પોલિસ સ્ટેશનમાં પીક પોકેટીંગ અંગે ફરિયાદ નોંધાવી છે. જે આધારે પોલિસે ગુનો દાખલ કરીને ગુનાની બારીકાઈથી તપાસ હાથ ધરી છે.

## છેલ્લા સાત વર્ષથી ઠગાઈ-વિશ્વાસઘાતના કેસમાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

આગામી વિધાનસભાની ચુંટણીને ધ્યાને રાખીને ગાંધીનગર જિલ્લા પોલીસ સ્ટેશનમાં જુદાજુદા ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા જિલ્લા પોલીસ વડાએ તમામ અધિકારીઓને સુચના આપતા ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે.ડી.પુરોહિત ટીમને નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપતા ટીમે ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. જેને અનુલક્ષી અડાલજ પોલીસ સ્ટેશનના છેતરપિંડી, વિશ્વાસઘાત અને ઠગાઈના ગુન્હામાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગત રોજ એલસીબી પીએસઆઈ યુ.આર. નલવાયા અને તેમની ટીમના સભ્યો અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયન હે.કો. સુરેશકુમાર છાજુરામને બાતમી મળી હતી કે અડાલજ પોલીસ સ્ટેશનના વિવિધ ગુન્હામાં નાસતો ફરતો આરોપી સુભાષચંદ્ર ચીમનલાલ ઠક્કર રહે. એ-૧૦૨, આધુનિક એપાર્ટમેન્ટ, ૫૮ પ્રિતમનગર સોસાયટી એલીસબ્રીજ અમદાવાદવાળાને વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પકડી પાડી અને તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે ઈસમને પુછતા તેણે જમીન અંગેની છેતરપિંડી અંગેનો ગુનો અડાલજ પોલીસમાં નોંધાયેલ હતો અને આજદીન સુધી નાસતો ફરતો હતો. આ ઈસમ અગાઉ કણભા, નરોડા, સાણંદ તથા દહેગામ પોલીસ સ્ટેશનમાં પણ જમીન અંગેની છેતરપિંડીના ગુન્હામાં પકડાયેલ છે.




## મહાપાલિકાના શૌચાલયો નિઃશુલ્ક પણ પાટિયા પે એન્ડ યુઝના માર્યા!!

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં વિવિધ સ્થળોએ મુલાકાતીઓ અને નાગરિકો માટે તંત્ર દ્વારા જાહેર શૌચાલયોની સુવિધા ઉભી કરાઈ છે. શહેરમાં ૪૨ જાહેર શૌચાલય પાટનગર યોજના વિભાગ, ગુડા અને મહાપાલિકાએ બનાવ્યા છે. જે તમામ શૌચાલયનું સંચાલન મહાપાલિકા કરી રહી છે. તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનને સાર્થક કરવા શહેરના ૧૩ સ્થળે શૌચાલયો બનાવવામાં આવ્યાં હતાં. પરંતુ સમય જતાં તેની જાળવણી યોગ્ય થતાં મહાનગરને કામગીરી સોંપાઈ હતી. પાલિકા દ્વારા તમામ શૌચાલયની સંખ્યા વધારાઈ હતી અને નિઃશુલ્ક કરવામાં આવ્યા બાદ શૌચાલયો બહાર નિઃશુલ્કના બોર્ડ મરાયા હતાં. પરંતુ હજુ સુધી પે એન્ડ યુઝના બોર્ડ દુર ન થતાં મુલાકાતીઓ અને નાગરિકો મુંઝવણમાં મુકાય છે.

શહેરમાં૪૨ સ્થળોએ પબ્લિક ટોઈલેટ કાર્યરત છે. તેમાં સેકટર ૧૦માં મીના બજારમાં, સેકટર ૨૯માં ૬ સર્કલ પાસે, સેકટર ૧૭માં ૫ સર્કલ પાસે, સરિતા ઉદ્યાન, સેકટર ૬માં અપના બજાર પાસે, સેકટર ૨૪ ઈન્દિરાનગરમાં અને સેકટર ૭માં શોપિંગ સહિતના વિવિધ ૧૩ સ્થળોએ ૧ વર્ષ અગાઉ બનાવવામાં આવેલા તમામ ટોઈલેટ જાન્યુઆરી ૨૦૧૭થી નિઃશુલ્ક કરવામાં આવ્યાં હતાં.

## શિસ્તબદ્ધ પાર્ટીના પરિવારવાદના તમાશા ભાજપ પણ કોંગ્રેસના માર્ગે : પાર્થેશ પટેલ

ગાંધીનગર,તા.૨૫

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે જણાવ્યું કે લોકોએ પસંદ કરેલા જનવિકલ્પ પાર્ટીના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે પરંતુ ભાજપ અને કોંગ્રેસમાં ટિકીટોની વહેંચણીને લઈને જે તમાશાઓ થઈ રહ્યા છે તે સમગ્ર ગુજરાતની પ્રજા જોઈ રહી છે. ભાજપ પણ કોંગ્રેસની જેમ પરિવારવાદના માર્ગે બુલેટગતિએ આગળ વધી રહી છે. ભાજપે કનોડિયા પરિવારમાં મહેશ કનોડિયા-નરેશ કનોડિયા બાદ હવે હિતુ કનોડીયાને વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના ભોગે ઈડરની બેઠક ફાળવી છે. એક સંસદના પુત્રવધુને ટીકીટ આપી છે. ખાડિયામાં ફરીથી પૂત્રને ટીકીટ આપી છે. દહેગામમાં પૂર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણના પુત્ર બલરાજસિંહણે ટીકીટ આપી છે. નરોડામાં પણ પૂર્વ ધારાસભ્યના પુત્ર બલરામ થાવાણીને ટીકીટ આપી છે. મહુવા- ભાવનગરમાં ભાજપે સીટીંગ ધારાસભ્ય ભાવના મકવાણાના સ્થાને તેમના પતિને



ટીકીટ આપી છે. આમ ભાજપે પણ પરિવારવાદને પ્રોત્સાહન આપીને પુરવાર કર્યું છે કે તેનામાં અને કોંગેસમાં જરાયે ફેર નથી.

શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીનું હાઈકમાન્ડ સાંસદની ધમકી આગળ ઘૂંટણીયે પડી જાય તે કોંગ્રેસીકરણની નિશાની છે. કોંગ્રેસમાં તો ઉમેદવારોને ફોન કરીને ઉમેદવારી નોંધાવવા કહેવું પડે તેવી ગંભીર પરિસ્થિતિ છે ત્યારે જનવિકલ્પ પાર્ટીના ઉમેદવારોની પસંદગી સામે કોઈ વાદ-વિવાદ સર્જાયો નથી. કેમ કે આ ઉમેદવારો પાર્ટીએ નહિ પણ અમારી પાર્ટીના જે હાઈકમાન્ડ છે તે પ્રજાએ નક્કી કરેલા છે. પ્રજાએ પાર્ટીને કહ્યું કે આ અમારા જન ઉમેદવાર છે તેને ટીકીટ આપો અને પ્રજા મારી હાઈકમાન્ડમાં માનતા અમારા પ્રણેતા શંકરસિંહ વાઘેલાએ એ ઉમેદવારોને મેન્ડેટ આપ્યો છે. પ્રજાએ નક્કી કરેલા ઉમેદવારોને કોઈ હરાવી શકે તેમ નથી કેમ કે તેમને ભાજપ અને કોંગેસની જેમ ઉપરથી ઠોકો બેસાડવામાં આવ્યા નથી. ભાજપનું પણ હવે કોંગ્રેસીકરણ થઈ રહ્યું છે.



**દહેગામના નવાપરા પ્રાથમિક શાળામાં કપડા વિતરણ કરાયા**

ગાંધીનગર શહેરના સેવાભાવી અને સમાજસેવી પૃથ્વીભાઈ શાહ દ્વારા આજરોજ શિયાળાની ઠંડીને અનુલક્ષીને દહેગામ તાલુકાની નવાપરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧ થી ૮ ના વિદ્યાર્થીઓને વિનામુલ્યે કપડા વિતરણ કરાયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પ્રજાપતિએ પૃથ્વી ભાઈ શાહનો આભાર માન્યો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## ટેલીકોમ પેન્શનર માટે ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ સેવાની હેડ પોસ્ટ ઓફીસમાં શરૂઆત

ગાંધીનગર, તા.૨૫

ટેલીકોન પેન્શનર કે જેઓ પોસ્ટઓફિસેથી પેન્શન લેતા નથી તેવા પેન્શનર માટે ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ સેવા ગાંધીનગર હેડ પોસ્ટઓફિસ તથા કલોલ હેડ પોસ્ટઓફિસ ખાતે શરુ કરવામાં આવી છે. જેનો લાભ ટેલીકોમ પેન્શનર મેળવી શકશે. તેમજ વધુ માહિતી માટે ગાંધીનગર હેડ પોસ્ટઓફિસ તથા કલોલ હેડ પોસ્ટઓફિસનો સંપર્ક કરવા જણાવાયું છે.

# બી.બી.એ કોલેજના વિદ્યાર્થીઓ નીમ પ્રોજેક્ટની ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૬૧ વિદ્યાર્થીઓ દક્ષીણ ગુજરાતમાં ભરૂચ ખાતે આવેલ ભારતની પ્રતિષ્ઠિત GNFC કંપનીના નીમ પ્રોજેક્ટની મુલાકાત કરી હતી. કંપની તરફથી ભરતભાઈ પાટીલ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ નીમ પ્રોજેક્ટની માહિતી આપતા તેઓએ કહ્યું કે સમગ્ર ભારતમાં એક માત્ર યુનિટ છે જે લીમડામાંથી અલગ-અલગ વેરાઈટી પ્રોડક્ટ બનાવે છે. તેમજ તેની સાથે સાથે કંપની સબસીડી રેટ પર ખેડૂતોને નીમ કોટેડ યુરીયા પૂરું પાડે છે. જેની ખેતીમાં ખુબ આવશ્યકતા હોય છે. આ નીમ પ્રોજેક્ટથી ૨૦૧૫ સુધીમાં ૪,૫૦,૦૦૦ લોકો પ્રત્યક્ષ રીતે તેમજ ૨,૫૦,૦૦૦ પરોક્ષ રીતે લાભ મેળવી ચુક્યા છે. આ લોકોએ વધારાની ૬૦ કરોડ જેટલી આવક આ પ્રોજેક્ટના કારણે મેળવી છે. જે ખુબ મહત્વપૂર્ણ સિદ્ધિ કહી શકાય. આ તથા રોજ ૨૧ મેટ્રિક ટન લીંબોળીને પિલવામાં આવે છે. તેમજ તેમાંથી અલગ અલગ પ્રોડક્ટ જેવી કે લીમડાનો સાબુ, શેમ્પુ, હેન્ડવોશ, ફેશવોશ તેમજ નીમ પ્રેસ્ટીસાઈડઝસ, નીમ હેર ઓઈલ જેવા પ્રોડક્ટનું ઉત્પાદન કરે છે. તેમજ ઓર્ગેનિક પ્રેસ્ટીસાઈડઝસ



ઓર્ગેનિક ફાર્મિંગમાં પણ નીમ પ્રોજેક્ટ મોટાપાયે કાર્ય કરી રહ્યું છે. સાથે સાથે કંપની મહિલા ઉત્થાન માટે કાર્ય કરી રહી છે.

નીમ પ્રોજેક્ટના અભ્યાસ માટે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ તેમજ ઓક્સફર્ડ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ પણ તાલીમ લઈ રહ્યા છે. ત્યારે ગુજરાતની એકમાત્ર બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ પણ આ વિદ્યાર્થીઓની હરોળ માં તાલીમ મેળવી યોગ્ય કારકિર્દીનું ઘડતર કરશે. જે યુનીવર્સીટી તેમજ કોલેજ માટે આંનદની બાબત કહી શકાય.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો.આશિષ ભુવા, પ્રો.જાનકી દવે દ્વારા થયું હતું.

## ચિરવિદાય

- સ્વ. જયંતિભાઈ ગનીરામ પઢીયાર, ઉ.વ. ૭૩
- સ્વ. શકરીબેન ગાંડાજી ઠાકોર, ઉ.વ.૮૫
- સ્વ. સાવિત્રી બદ્રિપ્રસાદ બિન્દ, ઉ.વ.૪૭
- સ્વ. જશુબેન કિશોરીસિંહ રાણા, ઉ.વ. ૭૦
- સ્વ. રાજાબેટી આશારામ યાદવ, ઉ.વ. ૬૫